# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧


-: અખબારી યાદી:-

# આજે પણ માર્કેટિંગ યાર્ડના વેપારીઓ અને શ્રમિકોનું સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કરતી રાજકોટ મહાનગરપાલિકા

## ૩૭૮ લોકોના સ્ક્રીનીંગ અને ૨૪૭ લોકોના ટેસ્ટીંગ કરાયા: ૦૨ પોઝિટિવ

તા.૨૭-૧૧-૨૦૨૦



શહેરના દરેક નાગરિક સુધી પહોંચીને કોરોના અંગેનું ચેકઅપ કરી કોરોના સંક્રમણ ચેઈન તોડવાના આશય સાથે રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા આજે પણ તા. ૨૭-૧૧-૨૦૨૦ ના રોજ આર.ટી.ઓ. ઓફીસ પાસે આવેલ માર્કેટિંગ યાર્ડના વેપારીઓ અને યાર્ડમાં મજુરી કામ કરાતા શ્રમિકોનું સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્કેટિંગ યાર્ડના વેપારીઓ અને તેમની દુકાનમાં કામગીરી કરાતા મજુરો તેમજ યાર્ડમાં મજુરી કામગીરી કરાતા શ્રમિકોનું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કરી કોરોના સામે વહેલું નિદાન મળી રહે તેવું આયોજન

કરવામાં આવ્યું હતું. આજના કેમ્પમાં કુલ ૩૭૮ લોકોના સ્ક્રીનીંગ અને ૨૪૭ લોકોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા જેમાંથી ૦૨ લોકોને કોરોના પોઝિટિવ આવ્યા હતા અને તેમને મનપાની ટીમ દ્વારા હોમ કવોરેન્ટાઇન કરવામાં આવશે.

હાલ કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક પહેરવું , વારંવાર હાથ સાફ કરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું ખુબ જ જરૂરી છે. શક્ય તેટલું એકબીજાના સંપર્કમાં આવવાનું ટાળવું એ પણ ખુબ જરૂરી છે. તંત્રની કામગીરી સાથે લોકોનો પણ સહયોગ જરૂરી છે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા